SC/38/2009 ORDER

**સેશન્સ કેસ નં.૩૮/૨૦૦૯ વિગેરે**

**::– આંક–૩૭૭ હેઠળનો હુકમ –::**

(૧) આરોપી નં.૧૨ ના વિ.વ.શ્રીની અરજી વંચાણે લીધી તથા આંક– ૩૯૧ વાળુ જેલના ડોકટરશ્રીએ આ કામે આપેલ પ્રમાણપત્ર વંચાણે લીધું.

(૨) હાલની અરજી આરોપી નં.૧૨ હાફિઝ હુશેન તાજુદ્દીન મુલ્લાનાંઓને ચામડીની એલર્જીની બિમારી હોય તેની જરુરી દવાઓ તેમના સગા વ્હાલા લાવેલા, તે જેલ સત્તાવાળાઓએ લેવા દીધેલી નથી, જેથી જેલ સત્તાવાળા દ્વારા આરોપીને જરુરી દવાઓ આપવાનો હુકમ કરવો જરુરી હોવા બાબતે કરેલી છે.

(૩) મારા પુરોગામી વિ.ન્યાયધીશશ્રીએ તા.૩–૪–૨૦૧૨ ના રોજ જેલ સત્તાવાળાઓને રીમાર્કસ રજુ કરવા તથા જેલના ડોકટરશ્રીને બોલાવતો હુકમ કરેલો છે.

(૪) આંક–૩૯૧ થી આ કામે આરોપી નં.૧૨ નાનું ડો.શ્રી એસ.કે. કોટવાલ દ્વારા અપાયેલ એક સર્ટીફીકેટ રેકર્ડ પર આવેલું છે. આ સર્ટીફીકેટમાં ડોકટરશ્રીએ કરેલ રજુઆત મુજબ આરોપી નં.૧૨ ને ચામડીના કેમ્પમાં વારંવાર લઈ જવામાં આવે છે તથા ચામડીના નિષ્ણાત ડોકટર દ્વારા સલાહ અપાય છે, સલાહ અનુસારની દવાઓ પણ લાવીને આ આરોપીને આપવામાં આવે છે અને તેવી દવાઓ ખાનગી મેડીકલ સ્ટોરમાંથી પણ લાવીને આ આરોપીને આપવામાં આવે છે, આરોપીને ચામડીના રોગનું નિદાન થયેલું છે અને તેઓને ફીઝીશયન દ્વારા પણ તપાસવામાં આવતા હોય છે.

(૫) જેલ સત્તાવાળાઓ દ્રારા સદરહું પ્રમાણપત્ર થકી કરવામાં આવેલ રજુઆત સંતોષકારક જણાય છે અને આરોપી નં.૧૨ ના બહુમુલ્ય માનવ અધિકારોના જતન સારુ તેઓને જરુરી તે તમામ મેડીકલ સારવાર જેલ સત્તાવાળા દ્રારા અપાવવી જ જોઈએ, જે અપાય છે તેમ છતાં પણ ભવિષ્યમાં પણ આ દવાઓ તથા સારવાર અપાય તે સારુ ઉપરોકત ચર્ચાએ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુ ક મ

(૧) અરજદાર આરોપી નં.૧૨ હાફીઝ હુસેન તાજુદ્દીન મુલ્લાનાઓની ચામડીના નિષ્ણાત થકી જયારે, જયારે અને જેટલી જરુરી હોઈ તેટલી સારવાર કરાવવી, ચામડીના નિષ્ણાત દ્રારા મળેલ સલાહ અનુસારની તમામ દવાઓ, ટયુબ, મલમ વિગેરે તમામ આરોપીને લાવી આપવા તથા તેવી અપાતી તમામ સારવાર, દવાઓ વિગેરે તમામની વિગતવારની નોંધ આરોપીના મેડીકલ કેસ પેપરમાં તથા જેલ ડીસ્પેન્સરી ખાતે રાખવામાં આવતાં અન્ય રેકોર્ડમાં રાખવી.

(૨) આ હુકમની એક યાદી જેલ સત્તાવાળાઓને મોકલી આપવી.

ઉપરોકત હુકમે આરોપીની અરજી મંજુર કરી તે રીતે ફેસલ કરી.

આ હુકમ આજ રોજ તા.૨ જી માહે– મે, સને–૨૦૧૨ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ
તા.૨–૫–૨૦૧૨

(ડો.શ્રીમતી જયોત્સના યાજ્ઞિક)
વિશેષ ન્યાયાધીશ,
ડેઝીગ્નેટેડ કોર્ટ ફોર સીરીયલ બોમ્બ
બ્લાસ્ટ કેસીસ,
કેમ્પ–અમદાવાદ